# આજથી દેશભરમાં વિકાસ પર્વ આરંભાશે

**મોદી શાસનના બે વર્ષની પ્રાપ્ત સિદ્ધિઓને પ્રજા સુધી પહોંચાડવાના કાર્યક્રમો યોજાશે : ભાજપ આજથી ૨૧ દિવસ સુધી વિકાસ પર્વ મનાવશે : મોદી આજે સહારનપુરમાં રેલી કરશે : દેશભરમાં અન્ય કુલ પાંચ રેલી કરશે : ગરીબ-કિસાનલક્ષી છાપ દર્શાવાશે : ૩૩ ટીમો સરકારની સિદ્ધિઓ દર્શાવશે**



નવી દિલ્હી,તા. ૨૫

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં એનડીએ સરકાર સત્તામાં બે વર્ષ પૂર્ણ કરી રહી છે. ગુરૂવારે મોદી સરકાર બે વર્ષ પૂર્ણ કરનાર છે ત્યારે દેશભરમાં હાઈવોલ્ટેજ જશ્ન માટેની જોરદાર તૈયારી કરી લેવામાં આવી છે. જશ્નમાં મોદી પોતે એનડીએનુ નેતૃત્વ કરવા જઈ રહ્યા છે. ભાજપે સરકારના બે વર્ષ પૂર્ણ થવાના પ્રસંગે ૨૬મી મેથી ૧૫મી સુધી દેશમાં ૨૧ દિવસ સુધી વિકાસ પર્વ મનાવવાનો નિર્ણય કર્યો છે. આની શરૂઆત આવતીકાલથી થઈ જશે. આ વિકાસ પર્વ હેઠળ ૨૦૦ જગ્યાએ પર જુદાજુદા વિકાસ કાર્યક્રમ યોજવામાં આવનાર છે. જેમાં કેન્દ્રિય પ્રધાનો, એક રાજ્યપ્રધાન અને અન્ય પાર્ટીના ટોપ નેતાઓ સામેલ થશે. પાર્ટીના નેતાઓની ૩૩ ટીમો સરકારની સિદ્ધીઓ અંગે લોકોને માહિતી આપનાર છે. એવા પ્રયાસ કરવામાં આવશે કે દેશના તમામ જિલ્લામાં એક કાર્યક્રમ ચોક્કસ પણે કરવામાં આવે. સરકાર બે વર્ષ પૂર્ણ કરવાના પ્રસંદે આઈબી મંત્રાલય દ્વારા એક કાર્યક્રમ તૈયાર કરવામાં આવ્યો છે. ઈન્ડિયા ગેટ પર આ કાર્યક્રમ યોજાનાર છે. જેનો હેતુ ગામ સુધી સરકારની સિદ્ધીઓને પહોંચાડી દેવાનો છે. આ કાર્યક્રમને દુરદર્શન પરથી જીવંત પ્રસારણ કરવામાં આવનાર છે. પાંચ કલાક સુધી ચાલનાર આ શોમાં અમિતાભ બચ્ચન, અનુપમ ખેર , પ્રસુન જોશી, જેવા દિગ્ગજ એંકરની ભૂમિકા રહેશે. સુત્રોના કહેવા મુજબ વડાપ્રધાનનો પણ એક કાર્યક્રમ આમાં રહેનાર છે. જેમાં તે અમિતાભ બચ્ચનની સાથે વાત કરીને તેમના પ્રશ્નોનો જવાબ આપી શકે છે. અલબત્ત વડાપ્રધાનના કાર્યક્રમને હજુ સુધી સંપૂર્ણ રીતે નક્કી કરાયો નથી. જરા મુસ્કરા દો થીમ પર આધારિત કાર્યક્રમમાં જનધન યોજના, ઉજ્જવલા યોજના, જેવી તમામ લોકપ્રિય સ્કીમ અંગે પ્રકાશ ફેંકવામાં આવનાર છે. ગાંધી પરિવાર પર પ્રહાર કરવાની પણ નિતી છે. જીએસટી બિલ અંગે માહિતી પણ અપાશે. સાથે સાથે રાષ્ટ્રવાદના નામ પર સરકાર ઈશરત જહા અને જેએનયુ ઘટના જેવા મામલાને ફરી એકવાર જોરદારરીતે ઉઠાવશે. ઈશરત જહા અને જેએનયુ ઘટના જેવા મામલાને ફરી એકવાર જોરદારરીતે ઉઠાવશે. આસામમાં જોરદાર દેખાવ અને પશ્ચિમ બંગાળ તેમજ કેરળમાં ધડાકા સાથે શાનદાર એન્ટ્રી કર્યા બાદ ભાજપના કાર્યકરોમાં ભારે ઉત્સાહ દેખાઈ રહ્યો છે. હવે ભાજપના કાર્યકરો આસામ જેવો જ દેખાવ કરવા યુપીમાં જવાની તૈયારી કરી રહ્યા છે. ભાજપ દ્વારા યુપીમાં આસામ જેવી જ સફળતા હાંસલ કરવા જુદા જુદા પ્લાન તૈયાર કરાઈ રહ્યા છે. પાંચ રાજ્યોમાં શાનદાર દેખાવ કરવામાં આવ્યા બાદ હવે પાર્ટીના કાર્યકરોમાં ઉત્સાહ વધી ગયો છે અને વધારે સારો દેખાવ કરવાની નિતી તૈયાર કરવામાં આવી રહી છે. વિકાસ પર્વ દરમિયાન પાર્ટીના કાર્યકરો વધારે મહેનત સાથે લોકોની વચ્ચે સરકારની સિદ્ધીઓને લઈ જવા માટે તૈયાર છે. મોદી સરકાર પોતાના બે વર્ષ પૂર્ણ થવાને લઈને કોઈ તક છોડવા માંગતી નથી.

## કેપિટલ ગુડ્ઝ પોલિસીને કેન્દ્રીય કેબિનેટની મંજુરી

**બે કરોડથી વધુ રોજગારીની તકો ઉભી કરાશે : કેપિટલ ગુડ્ઝ સેક્ટરને વૈશ્વિક સ્તર પર સ્પર્ધા કરી શકે તે હેતુથી વધુ અસરકારક બનાવાશે : ઉત્પાદન વધારાશે**

નવી દિલ્હી,તા.૨૫

કેન્દ્રીય કેબિનેટને આજે હજુ સુધીની પ્રથમ કેપિટલ ગુડ્ઝ સેક્ટર પોલિસીને લીલીઝંડી આપી હતી. આ પોલિસીને લીલીઝંડી આપ્યા બાદ ૨૦૨૫ સુધી ૨૧ મિલિયન અથવા તો બે કરોડ નવી રોજગારીની તકો સર્જાશે અને આનાથી રોજગારી વધશે. સરકારી પ્રવક્તાએ માહિતી આપતા કહ્યું છે કે, નેશનલ કેપિટલ ગુડ્ઝ પોલિસીના મુખ્ય ઉદ્દેશ્ય વૈશ્વિકરીતે સ્પર્ધાત્મક કેપિટલ ગુડ્ઝ સેકટરને લાવવા માટે માહોલ સર્જવાનો છે. વર્ષ ૨૦૨૫ સુધી આમા કુલ ઉત્પાદન ૭.૫ લાખ કરોડ સુધી પહોંચવાનો હેતુ છે. આ આંકડો હાલમાં ૨.૩ લાખ કરોડ છે. પ્રવક્તાએ કહ્યું છે કે, નેશનલકેપિટલ ગુડ્ઝ પોલિસીને કેબિનેટે મંજુરી આપી દીધી છે. ઉત્પાદન ૨૦૧૪-૧૫માં ૨૩૦૦૦૦ કરોડથી વધારીને ૨૦૨૫ સુધી ૭૫૦૦૦૦ કરોડ સુધી લઈ જવામાં આવશે જ્યારેનોકરીની તકો ૮.૪ મિલિયનથી વધીને ૩૦ મિલિયન સુધી વધશે. આ પોલિસીનો મુખ્ય હેતુ સીધીરીતે સ્થાનિક રોજગારીમાં વધારો કરવાનો છે. હાલમાં પાંચ મિલિયનની સામે આને વધારવામાં આવશે અને આંકડો ૨૦૨૫ સુધી ૨૫ મિલિયન સુધી લઈ જવાશે. આ પોલિસીને લઈને છેલ્લા ઘણા સમયથી ચર્ચાઓ ચાલી રહી હતી. બીજી બાજુ નિકાસને વર્તમાન ૨૭ ટકાથી લઈને ઉત્પાદનના ૪૦ ટકા સુધી લઈ જવામાં આવશે.

ભારતમાં સ્થાનિક ઉત્પાદનની હિસ્સેદારીની માંગને ૬૦ ટકાથી વધારીને ૮૦ ટકા સુધી લઈ જવાશે. કુલ મેન્યુફેક્ચરિંગ એક્ટીવીટીમાં કેપિટલ ગુડ્ઝની હિસ્સેદારીને વર્તમાન ૧૨ ટકાથી વધારીને ૨૦૨૫ સુધીમાં ૨૦ ટકા સુધી લઈ જવામાં આવશે.ભારતમાં કેપિટલ ગુડ્ઝ મેન્યુફેક્ચરિંગ પ્રવૃત્તિ સતત વધી રહી છે. કેન્દ્રીય રેલવે મંત્રી સુરેશ પ્રભુ દ્વારા આજે આ મુજબની માહિતી આપવામાં આવી હતી. સમગ્ર અર્થતંત્રમાં નવા પ્રાણ ફૂંકાઈ રહ્યા છે.

## પઠાણકોટ જેવા વધુ હુમલા કરવાની જેશની તૈયારીઓ

**ઉત્તર ભારતીય શહેરોને ટાર્ગેટ બનાવવા તૈયારી : પાકિસ્તાનની આઇએસઆઇ અને ઇન્ડિયન મુજાહિદ્દીનની મદદથી ભીષણ હુમલા કરવાની યોજના તૈયાર : અહેવાલ**

નવી દિલ્હી, તા. ૨૫

ખતરનાક ત્રાસવાદી સંગઠન જેશે મોહમ્મદે પંજાબના પઠાણકોટ એરબેઝ પર જે રીતે હુમલો કરવામાં આવ્યો હતો તેવી જ રીતે વધારે હુમલા કરવાની યોજના તૈયાર કરી હોવાના હેવાલ મળ્યા છે. જેશે પાકિસ્તાનની ગુપ્તચર સંસ્થા આઈએસઆઈ તેમજ ઈન્ડિયન મુજાહીદ્દીનની મદદથી હુમલા કરવાની યોજના તૈયાર કરી છે. ભારતમાં અનેક હુમલા માટે જવાબદાર રહેલા ઈન્ડિયન મુજાહીદ્દીન હાલમાં પડોશી દેશ પાકિસ્તાનમાંથી વધારે સક્રિય છે. મિડિયા અહેવાલમાં ટોચના લશ્કરી ઈન્ટેલિજન્સને ટાંકીને આ મુજબની વાત કરવામાં આવ્યા બાદ સુરક્ષા વ્યવસ્થા મજબુત કરવામાં આવી રહી છે. જેશના ત્રાસવાદીઓએ ઉત્તર ભારતીય શહેરોને મુખ્યરીતે ટાર્ગેટ કરવાની નિતી બનાવી છે. પઠાણકોટની જેમ જ હુમલા કરવાની રણનિતી ત્રાસવાદીઓ તૈયાર કરી રહ્યા હોવાની વિગત સેના પાસે આવી છે. પંજાબ સરકારને આ અહેવાલ સુપ્રત કરવામાં આવનાર છે. ઈન્ટેલિજન્સ રિપોર્ટને ટાંકીને કહેવામાં આવ્યુ છે કે જેશ કમાન્ડરક અવાઈસ મોહમ્મદ નવેસરના હુમલાને અંજામ આપવા માટે મલેશિયાથી ભારત આવનાર છે.

પાકિસ્તાનમાં ઓકારાના નિવાસી મોહમ્મદને નવેસરથી હુમલા કરવા માટેની જવાબદારી સોંપવામાં આવી છે. તે હુમલાની નિતી પર નજર રાખનાર છે. હેવાલ મુજબ ૧૮મી મેના દિવસે પંજાબ સરકાર સાથે ઈન્ટેલિજન્સ રિપોર્ટની આપલે કરવામાં આવનાર છે.

## કેરળના મુખ્યપ્રધાન તરીકે વિજયનની તાજપોશી

**અન્ય ૧૮ પ્રધાનોએ પણ હોદ્દાના શપથ લીધા : નવી સરકાર પાસેથી લોકો ખુબ ઉંચી અપેક્ષાઓ ધરાવે છે**

નવી દિલ્હી,તા.૨૫

કેરળના નવા મુખ્યમંત્રી તરીકે ૭૨ વર્ષીય સીપીએમના નેતા પિનારાઈ વિજયને શપથ લીધા હતા. સેન્ટ્રલ સ્ટેડિયમ ખાતે આયોજિત કાર્યક્રમમાં વિજયને ૧૮ પ્રધાનો સાથે શપથ લીધા હતા. હાલમાં જ યોજાયેલી વિધાનસભાની ચૂંટણીમાં કેરળમાં પાર્ટીએ શાનદાર દેખાવ કર્યો હતો. કેરળના નવા મુખ્યમંત્રી તરીકે વિજયનની તાજપોશી કરવામાં આવ્યા બાદ ભારે ઉત્સુકતા પક્ષના કાર્યકરોમાં જોવા મળી હતી. ૧૬મી મેના દિવસે વિધાનસભાની ચૂંટણી યોજાઈ હતી. ત્યારબાદ ૧૯મી મેના દિવસે ચૂંટણી પરિણામો જાહેર કરાયા હતા જેમાં સીપીએમના નેતૃત્વમાં એલડીએફે ૧૪૦ સભ્યોની કેરળ



વિધાનસભામાં ૯૧ બેઠક જીતીને જોરદાર સપાટો બોલાવ્યો હતો. કોંગ્રેસના નેતૃત્વમાં યુડીએફ સરકારનો અંત આવ્યો હતો. ઓમાન ચંડીના નેતૃત્વમાં કોંગ્રેસ-યુડીએફને માત્ર ૪૭ સભ્યો મળ્યા હતા. જ્યારે ભાજપ અને અપક્ષે એક એક બેઠક જીતી લીધી હતી. અગાઉ આજે સવારે વિજયન કેરળના રાજ્યપાલ જસ્ટિસ (નિવૃત્ત) પી સથાશિવમને મળ્યા હતા અને ૧૯ સભ્યોની કેબિનેટની યાદી સુપરત કરી હતી.

## નીટ તમિળનાડુ પર લાગૂ ન કરવામાં આવે : જયલલિતા

ચેન્નાઈ,તા.૨૫

નીટ અંગેના વટહુકમને રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જીએ લીલીઝંડી આપી દીધાના એક દિવસ બાદ તમિળનાડુના મુખ્યમંત્રી જયલલિતાએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો આ મામલે આભાર માન્યો છે. ઝડપથી કામગીરી આગળ વધારવા બદલ આભાર માન્યો છે. પરંતુ સાથે સાથે વડાપ્રધાનને એમ પણ કહ્યું છે કે, તેઓ તમિળનાડુમાં ભવિષ્યમાં પણ નીટનો વિરોધ કરશે. આજે સવારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને લખવામાં આવેલા પત્રમાં જયલલિતાએ વિનંતી કરતા કહ્યું છે કે, તમિળનાડુમાં પ્રવર્તમાન મેડિકલ કોલેજ અને ડેન્ટલ કોલેજોમાં પ્રવેશ માટેની વર્તમાન વ્યવસ્થા ચાલી રહે તેની ખાતરી કરવા પગલા લેવામાં આવે. જયલલિતાએ કહ્યું છે કે, ભવિષ્યમાં પણ નીટને અમલી બનાવવા કોઈ રાજ્યો ઉપર ફરજ પાડવામાં આવે તે યોગ્ય નથી.

## જોરદાર લેવાલી વચ્ચે સેંસેક્સમાં ૫૭૬ પોઈન્ટનો નોંધપાત્ર ઉછાળો

**છેલ્લા ત્રણ મહિનામાં એક દિવસનો સૌથી મોટો ઉછાળો : સેંસેક્સ ૨૫૮૮૧ની ઉંચી સપાટીએ : ફોરેન ફંડ અને રિટેલ મૂડીરોકાણકારો દ્વારા જોરદાર લેવાલી વચ્ચે તેજી : બીએસઈ બેંકેક્સમાં ૩.૧૭ ટકાનો સુધારો**

મુંબઈ,તા. ૨૫

શેરબજારમાં આજે જોરદાર તેજીનું મોજુ ફરી વળ્યું હતું. કારોબારના અંતે બેંચમાર્ક ઈન્ડેક્સ બે ટકાથી વધુ ઉછળીને ઉંચી સપાટીએ રહ્યો હતો. સતત બીજા દિવસે તેજી રહી હતી. કેપિટલ ગુડ્ઝ અને બેંકિંગ શેરોમાં તેજી રહી હતી. તેલ કિંમતોમાં ઘટાડો નોંધાયો હતો. સામાન્ય મોનસુનની આગાહીમાં પણ સુધારો કરવામાં આવ્યા બાદ નવી આશા જાગી છે. બીએસઈ સેંસેક્સ આજે ૫૭૬ પોઈન્ટ ઉછળીને ૨૫૮૮૧ની સપાટીએ પહોંચ્યો હતો જે એક મહિનાની ઉંચી સપાટી છે. જ્યારે નિફ્ટી ૧૮૬ પોઈન્ટ ઉછળીને ૭૯૩૫ની ઉંચી સપાટી ઉપર રહ્યો હતો. આશરે ત્રણ મહિનાના ગાળામાં એક દિવસમાં સૌથી મોટો ઉછાળો આજે સેંસેક્સમાં નોંધાયો હતો. વિદેશી ફંડ દ્વારા જોરદાર લેવાલી વચ્ચે આ તેજી જામી હતી.

રિટેલ મુડીરોકાણકારો દ્વારા પણ જોરદાર લેવાલી રહી હતી. વૈશ્વિક બજારમાં તેજી રહ્યા બાદ લેવાલીની ગતિવિધિ વધુ તીવ્ર બની હતી. સેંસેક્સ આજે સવારે ૨૫૪૩૨ની ઉંચી સપાટીએ ખુલ્યો હતો અને તેમાં વધુ ઉછાળો જોવા મળ્યો હતો. સેંસેક્સ અંતે ૨૫૮૮૧ની એક મહિનાની ઉંચી સપાટીએ બંધ રહ્યો હતો.

પહેલી માર્ચ બાદથી એક દિવસનો સૌથી મોટો ઉછાળો રહ્યો હતો. ૩૦ શેર સેંસેક્સ પૈકી ૨૯ શેરમાં આજે તેજી રહી હતી. સિપ્લામાં ૪.૯૭ ટકા સુધીનો ઘટાડો રહ્યો હતો. કારણ કે, માર્ચ મહિનાના આંકડા અપેક્ષા કરતા નબળા રહ્યા છે. ઈન્ડેક્સમાં આઈસી આઈ સીઆઈ બેંકના શેરમાં સૌથી વધુ ઉછાળો ૪.૪૮ ટકાનો નોંધાયો હતો.

જ્યારે ભેલના શેરમાં ૪.૩૪ ટકાનો ઉછાળો રહ્યો હતો. બજાજ ઓટોના શેરમાં ૩.૯૬ ટકાનો ઉછાળો નોંધાયો હતો. અન્ય જે શેરમાં આજે ઉલ્લેખનીય તેજી જોવા મળી હતી તેમાં એલ એન્ડ ટી, મારુતિ, એસબીઆઈ, એચડીએફસી લિમિટેડ, એચડીએફસી બેંક, ગેલ, એશિયન પેઈન્ટ્સ, એક્સિસ બેંક, એનટીપીસી, ટીસીએસ અને ટાટા સ્ટીલનો સમાવેશ થાય છે.

## ગુલમોર ● ૪ પાનાનું ચાલુ...

અપેક્ષા રાખીએ તો ચોક્કસ દુ:ખ થવાનું જ છે. કેમ કે આપણી દરેક અપેક્ષા સામી વ્યક્તિ સંતોષે એમ માનવું ભુલભરેલું છે. અપેક્ષા વિનાનો પ્રેમ એટલે દિવ્ય પ્રેમ. આવો દિવ્ય પ્રેમ એટલે નરી પરિકલ્પના. કલ્પના એટલા માટે કે કોઈ પણ સંબંધમાં ભલે અપેક્ષા વ્યક્ત ન થઈ હોય, પરંતુ હ્રદયમાં ઊંડે ઊંડે તો કોઈને કોઈ પ્રકારની અપેક્ષા તો રહેતી જ હોય છે.

અપેક્ષા વિનાનો સંબંધ તો દીવો લઈને શોધવા જવો પડે. કોઈ પણ વ્યક્તિ લાગણી બતાવે યા વ્યક્ત કરે એની પાછળ એ વ્યક્તિની કોઈને કોઈ અપેક્ષા છુપાયેલી હોવાની જ. વ્યક્તિ તરીકે તમે ત્યાં સુધી જ સારા માણસ છો, જ્યાં સુધી તમે સામી વ્યક્તિની વ્યકત કરેલી કે અવ્યક્ત રહેલી અપેક્ષાઓ સંતોષી રહ્યા હોવ છો. જ્યારે તમે સામી વ્યક્તિની અપેક્ષા સંતોષવાનું બંધ કરો છો યા તો એની અપેક્ષા ઉપર ખરા ઉતરતા નથી, ત્યારે તમે એ વ્યક્તિ માટે સાચી નહીં પરંતુ ખોટી વ્યક્તિ બની જાઓ છો.

સવાલ એ છે કે તો પછી આવું કેમ બને છે? કારણ કે સંબંધમાં તમે સામી વ્યક્તિના કેન્દ્રમાં - સેન્ટર ઓફ એટ્રેક્શન - હતા, પરંતુ હવે તમે એના માટે કશું જ નથી, કારણ કે તમે હવે એ વ્યક્તિની અપેક્ષાએ ઊણા ઉતર્યા છો. અપેક્ષાઓ સંબંધની માપપટ્ટી છે. અપેક્ષા જ સંબંધ સાચા છે કે ઉપરછલ્લા અને દેખાવ પુરતા છે, એનું બેરોમીટર યા થર્મોમીટર છે.

દરેક વ્યક્તિ તમારા માટે ત્યાં સુધી જ સારી છે, જ્યાં સુધી તમારે એ વ્યક્તિનું કોઈ કામ પડ્યું હોતું નથી. જો તમારે અન્ય વ્યક્તિ સાથેના સંબંધની સચ્ચાઈ અને ગહેરાઈનો ટેસ્ટ કરવો હોય, પરીક્ષા લેવી હોય તો સામી વ્યક્તિ સમક્ષ કોઈક અપેક્ષા વ્યક્ત કરી જુઓ.

તમે સામી વ્યક્તિને કોઈક કામ સોંપી જુઓ અને તમને તરત સંબંધની સચ્ચાઈનું પરિણામ મળી જશે. ચાણક્યએ પણ કહ્યું છે કે "ગરીબાઈ હોય ત્યારે પત્નીની અને મુશ્કેલ સમયમાં એટલે કે કામ પડે ત્યારે મિત્રની કસોટી થતી હોય છે." દરેક સંબંધને કસોટીની એરણ ઉપર ચડાવવો જ જોઈએ, તો જ તમને ખબર પડે કે કોણ પોતાનું છે અને કોણ પારકું છે?

જ્યારે તમે કોઈક કામ સોંપો ત્યારે સામી વ્યક્તિનો તમારા તરફનો વ્યવહાર બદલાઈ જાય ત્યારે સમજી લેવું જોઈએ કે હવે સંબંધમાં વળાંક લેવાનો સમય આવી ગયો છે. ઝરણાંએ પોતાનો માર્ગ જાતે જ કરી લેવાનો રહે છે.

**સ્ટોપર :**

"આવત ગારી એક હૈ, પલટત હોત અનેક,
તા કિ ઔષદ મૌન હૈ, રહે એક હી એક." - **કબીર**

## લાગણીનો મેળો ● ૪ પાનાનું ચાલુ...

કરે તેવું જ નાના કરતાં હોય છે. એટલું જ નહિ એમ વિચારતાં પણ થાય છે. મિત્રો, એક વાત યાદ રાખજો દુનિયાને આપણી પડી નથી આપણને દુનિયાની જરૂર છે. માટે જેવી દુનિયા ઈચ્છો તેવા તમે બનો. પોતે બદલાઈશું, પરિવાર બદલાશે. પરિવાર સમાજને ઘડે છે. આમ પરિવાર એ સમાજજીવનનું કેન્દ્રબિંદુ છે. શરૂઆત આપણાથી કરવી રહી.... અઘરી તો છે પણ અશક્ય નથી. આરંભી જુઓ....!!!

**સ્પર્શમણિ**

- ચંદન કરતાં વંદન વધુ શીતલ હોય છે.
- યોગી થવા કરતાં ઉપયોગી થવું વધુ સારું હોય છે.
- પ્રભાવ સારો હોય તેના કરતાં સ્વભાવ સારો હોય તે વધુ જરૂરી છે.

orabella EVENTS
info City Club & Resort
પાટનગરની સૌથી મોટી
ગ્રાન્ડ હાઉસી
૨૮મી મે, ૨૦૧૬ના રોજ સાંજે ૬.૩૦ કલાકે
ઈન્ફોસિટી કલબ એન્ડ રિસોર્ટ, ગાંધીનગર ખાતે
એન્ટ્રી સાંજે ૫.૩૦ થી શરૂ
થનગનાટ, સંસ્કૃતિ કલબ, રોટરી, લાયન્સ તથા અન્ય એસોશિયેશન/મંડળો માટે એન્ટ્રીપાસ નીચેના સરનામે મળશે.
CIL, IT Tower 4, Infocity
Call : +91 98796 19922 / 99799 22443
SUPPORTED BY
Maahi
RASNA
WAGH BAKRI TEA LOUNGE
EMKAY
BENCHMARK WATER HEATERS
Mycro Fine
Hoglatto
Sudarshan
Brandd
Sam's PIZZA
EUREKA FORBES Your friend for life
* T&C apply